ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જ્યોત્સનાબેન ઝવેરી
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



રાજેશ્રીબેન હેમેન્દ્રભાઈ ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



વિપુલભાઈ મોદી
પટેલ સેલ્સ એન્ડ સર્વિસ



જયશ્રી અશ્વિન ચક્રવર્તી
મો. ૯૭૨૩૮ ૯૫૫૬૯



મધુકર એફ પરમાર
પ્રમુખ, વણકર સમાજ
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



ઋતુ સંદીપ વ્યાસ
મો. ૯૯૦૪૭ ૮૮૪૦૨



દક્ષ વિશાલ ઉપાધ્યાય
મો. ૯૮૯૮૫ ૦૧૨૧૭



મધુકાન્તાબેન આસોડિયા
મો. ૮૧૪૧૨ ૮૫૪૫૪

# સફળ બનવું હોય તો પહેલાં સારા નાગરિક બનો



## બાલાજી વેફર્સના માલિક ચંદુભાઈ વિરાણીએ વિદ્યાર્થીઓને સફળતાનું રહસ્ય સમજાવ્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ અભ્યાસક્રની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન કુલ ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ સાંપ્રત સમયમાં તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે. અને ભવિષ્ય માં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ કરે છે, જે તેઓને તેમની કારકિર્દી નાં ઘડતરમાં ખુબ ઉપયોગી સાબિત થાય છે.

ચાલુ શૈક્ષણિક સત્રમાં તૃતીય વર્ષ નાં ૭૫ વિદ્યાર્થીઓ ભારત ની નામાંકિત નમકીન માટે જાણીતી કંપની બાલાજી વેફર્સ પ્રા. લિ.ની મુલાકાતે રાજકોટ ખાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બાલાજી વેફર્સ પ્રા. લિ. હાલ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ ગોવા જેવા પ્રદેશોમાં ખૂબ નામના ધરાવે છે. તેમજ કંપનીનું વિસ્તરણ ગુજરાતમાં રાજકોટ,વલસાડ તેમજ મધ્યપ્રદેશમાં ઈન્દોર ખાતે કરવામાં આવ્યું છે. અને ખુબ નાના પાયા પર શરુ કરવામાં આવેલ કંપની આજે કરોડો રૂપિયાના રોકાણ સુધી સફળતાપૂર્વક પહોંચી છે. કંપનીની લગભગ ૧૩ જેટલી જુદી જુદી નમકીનની વેરાઈટી બજાર માં ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓએ કંપનીમાં ઉત્પાદનથી લઈ તેના વેચાણ, તેની ગુણવત્તાની જાળવણી જેવી તમામ બાબતોનું પ્રત્યક્ષ અવલોકન કર્યું તેમજ પ્લાન્ટની મુલાકાતની સાથે સાથે વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોતરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા. ત્યારબાદ કંપનીના માલિક ચંદુભાઈ વિરાણી સાથે મુલાકાત કરવાની સુવર્ણ તક વિદ્યાર્થીઓને સાંપડી હતી જેમાં વિદ્યાર્થીઓ ને તેમણે પ્રેરક સંબોધન કર્યું હતું અને પોતાના અનુભવ જણાવ્યા હતા તેમજ વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપ્યા હતા. કંપનીના ભાવી આયોજન તેમજ પર્યાવરણ બાબતે કરવામાં આવી રહેલ કાર્યોની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ ને સફળ બનવું હોય તો પહેલા સારા નાગરિક બનવાની શીખ આપી હતી. સમગ્ર વિઝિટ નું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિના હેડ ડો. જયેશ તન્ના તેમજ ડો. નીરવ જોશી, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં દહીં-હાંડી કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં તા. ૧૯મી ઓગષ્ટ ૨૦૧૬ના રોજ વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોના સંયુકત પ્રયાસથી દહીંહાંડી અને જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં બાળ કૃષ્ણને પારણે ઝુલાવી આરતી ઉતારી હતી. વિદ્યાર્થીઓ પણ શ્રદ્ધા ભકિતથી આરતી અને પ્રાર્થનામાં જોડાયા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી પ્રાર્થના અને દહીંહાંડી નૃત્ય સાથે પિરામીડ બનાવી દહીંહાંડી ફોડી સર્વેનો ઉત્સાહ વધાર્યો હતો અને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જન્માષ્ટમી પર્વની ઉજવણીના ભાગરૂપે બાલ કૃષ્ણને ઝુલાવતા હીંડોળા ગીતો રજૂ કરી ઉજવણીને વિશેષ મહત્વ આપ્યું હતું. શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને જન્માષ્ટમી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

# શહેર ગાયત્રી પરિવાર દ્વારા વાવોલમાં પુસ્તક મેળો યોજાયો



ગાયત્રી પરિવાર, ગાંધીનગર દ્વારા વાવોલની શાળામાં વ્યસનમુક્તિ પ્રદર્શન તથા પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

# સાદરામાં તિરંગા યાત્રા




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા ગામમાં વિવિધ માર્ગો પર રાષ્ટ્રભકિત, પર્યાવરણ, સાક્ષરતા, સ્વચ્છતા સહિતના વિષયો પર વિદ્યાર્થીઓએ સુત્રોચ્ચાર કરીને લોકજાગૃતિનું ઉમદા કાર્ય કર્યું હતું. તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

શારિરીક શિક્ષણ અને રમતગમત વિજ્ઞાન વિદ્યા શાખા, ગુજરાત વિદ્યાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયુકત ઉપક્રમે તિરંગાયાત્રાનું આયોજન કરાયું હતું. આ યાત્રામાં મોતીપુરા, સાદરા અને રાજપુરની શાળાના વિદ્યાર્થીઓની સાથે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વંય સેવકો ઉત્સાહભેર જોડાયા હતા. તિરંગા યાત્રામાં રાષ્ટ્રભકિત, પર્યાવરણ, સાક્ષરતા, સ્વચ્છતા, વ્યસનમુકિત, અંધશ્રધ્ધા, શિક્ષણ સહિતના વિષયો આવરી લઈ લોકજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. તિરંગા યાત્રાની સફળતામાં મોતીપુરા શાળાના આચાર્ય શંકરભાઈ પટેલ, જ્ઞાન ધારાતીર્થ સ્કુલના આચાર્યા સુધાબેન પટેલ અને સાદરા શાળાના આચાર્ય રંજનબેન પટેલ, ગુજરાત વિદ્યાપીઠ સાદરાના અધ્યાપક ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. અરવિંદભાઈ રામીનો વિશેષ સહયોગ સાંપડયો હતો. જયારે પ્રોગ્રામ કોર્ડીનેટર તરીકે ડૉ. અરૂણભાઈ ગાંધી અને ગુજરાત રાજયના યુથ ઓફિસર કમળકુમાર કર સાહેબે સેવાઓ આપી હતી. કાર્યક્રમમાં માર્ગદર્શકની ભૂમિકા ડીન પ્રો. જમનાદાસ સાવલિયાએ જયારે સંપૂર્ણ યાત્રાનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે નિભાવી હતી.

# સે. ૨૩ની એસ. જી. પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓને ધાર્મિક પ્રવાસ કરાવાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળાના ધો-૧, ૨ અને ૪ના બાળકોને કાર્ટૂન ફિલ્મ બતાવવામાં આવી હતી અને ધો-૩ના બાળકોએ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી.

બાળકોમાં ધાર્મિક સંસ્કાર કેળવાય અને દરેકમાં સર્વધર્મ સમભાવના મૂલ્યનું સિંચન થાય તે હેતુથી ધો-૩ના બાળકોને જલારામ મંદિર સે-૨૯, ઝુલેલાલ સિંધી મંદિર,સે-૩૦, ગુરુદ્વારા સે-૩૦, પંચદેવ મંદિર સે-૨૨, ચર્ચ સે-૨૩ વગેરેની મુલાકાત કરાવવામાં આવી હતી અને ધોરણ-૧, ૨ અને ૪ના બાળકોને બાલ હનુમાન, ક્રિશ્ના, સિન્ડ્રલા વગેરે કાર્ટૂન ફિલ્મ બતાડવામાં આવી હતી.

# ચહેરા ઉપરનું હાસ્ય ક્યારેય પૂર્વ નિયોજીત ના હોઈ શકે




vamlani@yahoo.co.uk

જ્યારે જ્યારે વહેલી સવારે સૂર્યોદય પહેલાં ‘મોર્નિંગ વોક’માં નીકળું છું ત્યારે એક નાના મેદાનમાં પચીસ-ત્રીસ વ્યક્તિઓ સાથે મળીને જોરશોરથી ઊંચા અવાજે હસતા હોય છે. એક દિવસ હું થોડો સમય ત્યાં નિરિક્ષણ કરવા ઊભો રહ્યો. એક વ્યક્તિ અન્ય વ્યક્તિઓને કેવી રીતે હસવું તેની સુચનાઓ આપતી હતી. હાથ ઊંચા કરી, હાથ નીચા કરી, હાથ પહોળા કરી, ડોક નીચી રાખી, ડોક ઊંચી રાખી, ક્યારેક મંદ હાસ્ય, ક્યારેક સ્મિત, ક્યારેક ખડખડાટ હાસ્ય તો ક્યારેક અટ્ટહાસ્ય કરવાની સુચના. પહેલા સુચના આપનાર વ્યક્તિ પોતે હાસ્યક્રીયા કરતી હતી ને પછી અન્ય વ્યક્તિઓ તેને અનુસરતા હતા. પચીસ-ત્રીસ વ્યક્તિઓનાં ઊંચા અવાજે થતા હાસ્યથી વાતાવરણ પણ ભરાઈ જતું હતું. સુચનાઓ આપનાર વ્યક્તિ વચ્ચે વચ્ચે હસવાથી જીવનમાં અને ખાસ કરીને તંદુરસ્ત શરીર માટેનાં ફાયદાઓની વાત કરતી હતી.

નાટ્ય અને અભિનય તાલિમ શીબીરોમાં અમે અભિનયનાં વિવિધ પાસાઓ શીખવીએ છીએ તેમાં હસવાની વિવિધ પ્રકારની રીતોને શીખવીએ છીએ. નાટ્યશાસ્ત્રનાં વિવિધ અભ્યાસક્રમોમાં પણ આ પાસાઓનો સમાવેશ થયેલો છે. અભિનય કરનારે વિવિધ પ્રકારના પાત્રો અનુસાર કેવા પ્રકારનું હાસ્ય કરવું અને કેવી રીતે હસવું તેની ટેકનિક્સ શીખવવામાં આવે છે અને આ ટેકનિક્સનો બહુ ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે.



વહેલી સવારે તંદુરસ્તી જાળવવા માટે એકઠી થતી વ્યક્તિઓ અને મંચ ઉપર વિવિધ પ્રકારના પાત્રો ભજવતા કલાકારોનું હાસ્ય સો ટકા કૃત્રિમ હોય છે, શીખેલું હોય છે, ગોખેલું હોય છે, પઢેલું હોય છે, રિયાઝ કરેલું હોય છે કે રિહર્સલ કરેલું હોય છે. આ પ્રકારના હાસ્યથી તેઓનાં ચહેરા સ્વસ્થ દેખાય, ચહેરા ખીલેલા દેખાય પણ શક્ય છે કે એ જ હાસ્યની પાછળ વેદનાઓનો લાવા ભડભડ બળતો હોય. આ પ્રકારના હાસ્યથી વ્યક્તિને કદાચ કોઈ જ પ્રકારનો ફાયદો નથી થતો કારણ કે આ પ્રકારનું હાસ્ય સ્વાભાવિક, કુદરતી કે હૃદયમાંથી ઉદભવેલું નથી હોતું.

વ્યક્તિ જ્યારે માનસિક રીતે અસ્વસ્થ હોય, દુઃખી હોય, તેનું મન ગ્લાનિ અને દુઃખથી ભરેલું હોય ત્યારે માનસિક રીતે સ્વસ્થ થવા માટે મનોરંજનનો સહારો લે છે ને તેનાથી થોડું હાસ્ય મેળવે છે. કેટલીક વ્યક્તિઓ આવા સમયે મિત્રોને કે સ્નેહીઓને મળે છે અને ખુશી મેળવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારે મળતું હાસ્ય કે ખુશી કુદરતી હોય છે અને સ્વાભાવિક હોય છે. હાસ્ય ક્યારેય પૂર્વનિયોજીત ના હોય શકે અને આવું હાસ્ય વ્યક્તિને ખુશી ના આપી શકે. સહજ અને સ્વાભાવિક સ્મિત કે મંદ હાસ્ય કે ખડખડાટ હાસ્ય માનવીના નિર્મળ, સ્વસ્થ, સુખી અને ખુશીથી ધબકતા હૃદયનો ધબકાર છે. સ્મિત કે હાસ્ય જ્યારે માનવીના હૃદયમાંથી સ્વાભાવિક કે કુદરતી રીતે જ, કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના ઉદભવે છે ત્યારે તેનો નિખાર માત્ર માનવીના ચહેરા ઉપર જ નહિ પણ તેની આંખોમાં અને તેના સમગ્ર શરીરમાં દેખાય છે. હૃદયમાંથી ઉઠેલા હાસ્યાના ધ્વનિના પડઘા વ્યક્તિની આંખોમાં પણ પડઘાય છે. માનવીના હૃદયમાં જ્યારે એક ખુશીનો આગિયો જન્મ લે છે ત્યારે એક પ્રકાશરૂપે તેમાંથી હાસ્ય પ્રગટે છે ને એ પ્રકાશ વ્યક્તિની આંખોમાં તેજપુંજ રૂપે પ્રકાશે છે. વ્યક્તિની આંખોમાં પ્રકાશિત એ તેજપુંજથી એ વ્યક્તિની આસપાસની વ્યક્તિઓ પણ ક્યારેક અંજાઈ જાય છે.

ખુશ થવાની લાગણી એ વ્યક્તિના અવચેતન મનની દુર્ગમ ગૂફા જેવી હોય છે એવું કોઈએ કહ્યું છે. કૃત્રિમ કે પ્રયત્નથી પ્રગટાવેલા હાસ્યની સર્ચલાઈટથી એ અવચેતન મનની દુર્ગમ ગૂફાના ખૂણેખૂણા પ્રકાશિત કરી શકતા નથી. મનની એ ગૂફાને જો ઝળહળતી કરવી હોય તો સ્વાભાવિક રીતે પ્રગટેલા હાસ્યના દીવાથી જ થઈ શકે.

થોડા સમય પહેલાં ગુજરાતી જૂની રંગભૂમીની તે સમયની એક જાજરમાન અભિનેત્રીને તેમના ઘેર મળવાનું થયું. વૃધ્ધ અને શારીરિક રીતે કૃશ થઈ ગયેલી એ અભિનેત્રી એક પોશ સોસાયટીનાં એક બંગલામાં પોતાના સ્નેહીઓ સાથે રહે છે. લગભગ ત્રિસેક મીનીટની અમારી મૂલાકાત અને વાતચીત દરમ્યાન ચારેકવાર એ અભિનેત્રીની આંખોમાં મેં આંસુ જોયા. તે પોતાની જાતને એકલી, અટૂલી માને છે એવું લાગ્યું. તેના ઘરમાં તેની કાળજી રાખી શકે એવી વ્યક્તિઓ હતી પણ જાણે એ અભિનેત્રી એવી લાગણી વ્યક્ત કરતી હતી કે તેની કાળજી લેવા વાળું કોઈ નથી, તેની ઈચ્છાઓ કોઈ પૂરી કરતું નથી. તેના માટે કોઈને હવે પ્રેમ રહ્યો નથી ને તેની પીડાને કોઈ સમજી શકતું નથી.

આપણી આસપાસ, આપણા ઘરમાં, કુટુંબમાં, પાડોશમાં, સ્નેહી સંબંધીઓમાં પણ કેટલીયે વ્યક્તિઓ એવી હોય છે જે પોતાની જાતને એકલી, અટૂલી મહેસૂસ કરતી હોય છે.

આવી પીડિત, દુઃખી, એકલી-અટૂલી વ્યક્તિનાં હૃદયમાંથી કુદરતી હાસ્ય ઉદભવે એ કદાચ અશક્ય નથી પણ મુશ્કેલ તો છે જ. અ પ્રકારનું જીવન વિતાવતી વ્યકિતનાં હૃદયમાંથી કુદરતી અને સહજ હાસ્ય નિષ્પન્ન કરવું હોય, એ વ્યક્તિનાં ચહેરા ઉપર હાસ્યની લીલીછમ ફસલ નિહાળવી હોય તો તેઓના હૃદયમાં ખુશીના બીજની વાવણી કરવી પડે. એ ખુશીનું બીજ અંકુરિત થાય તો જ હાસ્યની ફસલ ચહેરા ઉપર દેખાય. આમ કરવા માટે એવી વ્યક્તિઓને આપણે એવો અહેસાસ કરાવવો પડે કે તે વ્યક્તિ એકલી કે અટૂલી નથી, તેની સાથે આપણે છીએ. એવી વ્યક્તિઓને આપણે પ્રતિતી કરાવવી પડે કે આપણા હૃદયમાં તેમના માટે સ્નેહ છે, પ્રેમ છે, લાગણી છે ને તેમની પીડા આપણી પીડા છે. આપણા પ્રેમ, સ્નેહ અને લાગણીના બીજ તેના હૃદયમાં રોપાય ને તેનું સિંચન થાય તો જ તેઓનાં ચહેરા ઉપર કુદરતી કે સહજ હાસ્ય પ્રગટ થાય.

વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના અદ્રશ્ય સંબંધો વચ્ચેનો સેતુ છે એકબીજા પ્રત્યેનો લગાવ, પ્રેમ સ્નેહ કે લાગણી. આ સેતુ મજબૂત હોય તો જ એ સંબંધો વ્યક્તિને ખુશી કે સંબંધોનું સુખ આપી શકે છે. વ્યક્તિને જ્યારે સંબંધો દ્વારા ખુશી મળે છે ત્યારે તેના હૃદયમાંથી બહુ સહજ રીતે નિર્મળ હાસ્ય પ્રગટ થાય છે. વ્યક્તિને ધન, દોલત, નામ, પ્રશંસા પણ ખુશી આપી શકે છે પણ સંબંધો દ્વારા, પ્રેમ, સ્નેહ અને લાગણી થકી જે ખુશી મળતી હોય છે તે અમુલ્ય હોય છે અને કાયમી હોય છે. આપણે પણ કોઈના જીવનમાં પ્રેમ અને સ્નેહ દ્વારા ખુશી આપીને તેમનાં ચહેરાઓ ઉપર હાસ્યને છલકાવી શકીએ.